# ગાંધીનગર ખાતે ત્રિ-દિવસીય સ્વિમિંગ ટુર્નામેન્ટનું સમાપન યોજાયું

## વિજેતા ખેલાડીઓને મેડલ-ટ્રોફી આપી સન્માનિત કરાયા : કેરળને સૌથી વધુ ૧૯ ગોલ્ડ મેડલ વિજેતા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર સેકટર-૨૧, જીમખાના ખાતે યોજાયેલ ત્રિદિવસીય ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસીસ સ્વિમિંગ ટુર્નામેન્ટ

૨૦૧૬-૧૭નો સમાપન કાર્યક્રમ યોજાયો હતો. આ સ્વિમિંગ ટુર્નામેન્ટમાં વૈધાનિક અને સંસદીય બાબતોના સચિવ અને મુખ્ય મહેમાન સી. જે. ગોઠી તેમજ ગાંધીનગર જિલ્લા કલેકટર અને અતિથિવિશેષ શ્રી એસ.એ. પટેલના હસ્તે વિજેતા ખેલાડીઓ અને ટીમોને મેડલ-ટ્રોફી આપીને સન્માનિત કર્યા હતા.

આ સમાપન પ્રસંગે મુખ્ય અતિથિ ગોઠીએ જણાવ્યું હતું કે, સ્વિમિંગ એક શ્રેષ્ઠ રમત છે. તરણથી વિશ્વાસ પણ વધુ મજબૂત થાય છે. ફિટનેસની સાથે સાથે કટોકટીના સમયે અન્યનો જીવ બચાવવામાં પણ મદદ કરે છે. ગોઠીએ વિજેતા ખેલાડીઓને અભિનંદન આપી, ભવિષ્યમાં વધુ સારા દેખાવ માટે શુભેચ્છાઓ પઠવી હતી.

ગત તા. ૧૮ થી ૨૦ ઓકટોબર એમ ત્રણ દિવસ યોજાયેલી આ સ્વિમિંગ ટુર્નામેન્ટ માં કેરળે સૌથી વધુ ૧૯ ગોલ્ડ , ૭ સિલ્વર અને ૩ બ્રોન્ઝ એમ કુલ ૨૪ મેડલ સાથે પ્રથમ ક્રમ મેળવેલ છે. સી.સી.એસ.સી.બી. દિલ્હી અને આર.એસ.બી. કોલકત્તાએ અનુક્રમે ૧૦ અને ૮ ગોલ્ડ સાથે બીજો અને ત્રીજો ક્રમ મેળવેલ છે. ગુજરાતે ૨ સિલ્વર અને ૮ બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. અલગ અલગ ૧૫ યુનિટ ટીમોને ૪૫ ગોલ્ડ, ૪૪ સિલ્વર અને ૪૩ બ્રોન્ઝ એમ કુલ ૧૩૨ મેડલ એનાયત કરાયા હતા. જ્યારે સ્વિમિંગ ચેમ્પિયન મેન્સમાં સી.સી.એસ.સી.બી. દિલ્હી અને વિમેન્સમાં કેરલની ટીમ વિજેતા બની છે. ઓવર ઓલ સ્વિમિંગમાં કેરલને ૨૦૫ પોઈન્ટ મળ્યા છે જ્યારે વોટર પોલોમાં યુ.પી.સી.એસ.ની ટીમ ચેમ્પિયન બની છે.

ભારત સરકારના પ્રતિનિધિ તરીકે મનોજ શર્માએ વિજેતા ખેલાડી-ટીમને અભિનંદન આપીને ટુર્નામેન્ટની સફળતા બદલ રાજ્ય સરકારનો આભાર માન્યો હતો. ચીફ સેક્રેટરી શ્રી કમલેશ નાણાંવટીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. સામાન્ય વહીવટ વિભાગના અધિકારી શ્રી ઉદય બ્રહ્મભટ્ટે આભારવિધિ કરી હતી.

આ પ્રસંગે સામાન્ય વહીવટ વિભાગના સંયુક્ત સચિવ અને ટુર્નામેન્ટના ચેરમેન શ્રી જવલંત ત્રિવેદી, વિભાગના નાયબ સચિવ અને આયોજક સચિવશ્રી જે. પી. પટેલ, નિવૃત્ત અધિકારી શ્રી એન. ડી. શેલત સહિત મોટી સંખ્યામાં અધિકારીઓ, ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રેક્ષા વિશ્વ ભારતી ખાતે હેલ્થ એન્ડ માઈન્ડ પાવર ડેવલોપમેન્ટ અંગે શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર કોબા પ્રેક્ષા વિશ્વ ભારતી સંસ્થાના પટાંગણમાં આચાર્ય મહાશ્રમણજીની વિદુષી શિષ્યા સમણી મલયપ્રજ્ઞાજીના પાવન સાંનિધ્યમાં હેલ્થ એન્ડ માઈન્ડ પાવર ડેવલપમેન્ટ માટે પ્રેક્ષા ધ્યાન શિબિરનું આયોજન આગામી તા. ૨૨ અને ૨૩ ઓકટોબર શનિ, રવિવારના રોજ આયોજન કરવામાં આવ્યું છે.

આજની તણાવ અને નિરાશાવાદી જીંદગીમાં નવા પ્રાણ પુરે તેવી આ શિબિરનો જાહેર જનતાએ લાભ લેવા સંસ્થાના બાબુલાલજી શેખાણીએ અનુરોધ કર્યો છે.

## જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખેલ મહાકુંભમાં ખો-ખો સિનિયરમાં વિજેતા

ગાંધીનગર, તા.૨૧

ખેલ મહાકુંભ અંતર્ગત સિનિયર ખો-ખો સ્પર્ધા અન્ડર-૧૯ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શહેરની નામાંકિત શૈક્ષણિક સંસ્થા શ્રી. જે. એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય પ્રથમ ક્રમે વિજેતા બનેલ છે. શાળાનું અને જિલ્લાનું ગૌરવ વધારેલ છે. હવે રાજયકક્ષાએ રમવા જવાનું થશે. આચાર્યા સંતોકબેન ચૌધરી, વ્યાયામ શિક્ષક લીલાબેન ચૌધરી, હેતલબેન દેસાઈ તથા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

ચૌધરી લલિતા કે, ચૌધરી રમીલા કે, ચૌધરી નિમિષા ઈ, ચૌધરી દક્ષા જે, ચૌધરી અંજલિ જે, ચૌધરી રંજન બી, ચૌધરી ભાવન વી, ચૌધરી શિતલ જી, ચૌધરી જયશ્રી પી, ચૌધરી દિવ્યા એ, ચૌધરી ભારતી ટી, ગોહિલ સ્નેહલ બી - એ ભાગ લીધેલ હતો.

# ગ્રામ્ય વિસ્તારમાંથી ૧૩૫૦ જેટલા સ્થાનો પરથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમિયાન ૧૩૫૦થી વધુ સ્થાનોએથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા છે.

છેલ્લા ચાર દિવસથી જિલ્લામાં ત્રીજા તબક્કાનું હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી ચાલી રહી છે. જિલ્લા મેલેરિયા તંત્રની ટીમોએ આજે ૨ લાખ ૪૦ હજારથી પણ વધુ લોકોને સર્વેલન્સ હેઠળ આવરી લઈ ૫૦ હજારથી વધુ મકાનોની ચકાસણી કરી હતી.

તંત્રની ટીમો દ્વારા ચકાસણી દરમિયાન ૪૩૯ જેટલી વ્યકિતઓ તાવની બિમારીથી પિડાતા હોવાથી તેમના લોહીના નમુના મેળવી અને ચકાસણી માટે મોકલી આપવામાં આવેલ છે.

આજે ચકાસણી દરમિયાન ડેન્ગ્યુના બે શંકાસ્પદ કેસ પણ મળી આવ્યાનું જાણવા મળેલ છે. જેમાં એક કેસ ખોરજનો અને બીજો કેસ વાવોલમાંથી મળી આવેલ છે.

તંત્રની ટીમોએ ૧૩૫૦ સ્થાનોએથી શોધેલા મચ્છરોના બ્રિડીંગીને લઈ ત્યાં તાત્કાલિક પોરાનાશક કામગીરી હાથ ધરી હતી.

જિલ્લામાં આ વખતે મેલેરિયાના કેસોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે જ્યારે ડેનગ્યુના કેસો પણ ગત વર્ષની તુલનામાં ઓછા હોવાનું જાણવા મળેલ છે.

તંત્રએ આ વખતે શરૂઆતથી જ સઘન કમગીરી હાથ ધરી હતી. લોકોમાં જાગૃતિ આવે તે માટે શાળા કક્ષાએ પણ પોરાશોધક સ્પર્ધાઓ તેમજ લઘુ અને ગુરૂ શિબિરોનું આયોજન કર્યુ હતું.

તંત્ર દ્વારા ૧૬ હજારથી વધુ મચ્છરદાનીને દવાયુકત કરી આપવાની નોંધનીય કામગીરી પણ કરી છે.

# એસટીપી વર્ગના બાલમિત્રને ત્રણ માસથી પગાર ના ચુકવાતા દિવાળી બગડી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરમાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ ધોળાકુવા ગામે ચાલતા સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામના એસટીપી વર્ગો ચલાવતા બાલ મિત્રને છેલ્લા ત્રણ માસનો પગાર ચુકવાયો નથી. એટલું જ નહી પંરતુ આ વર્ગમાં ભણતા શ્રમજીવી વર્ગના બાળકો માટેની ગ્રાન્ટ પણ ચુકવવામાં આવતી ના હોવાથી બાલ મિત્ર દ્વારા ગાંઠનું ગોપીચંદન કરીને બાળકો માટે ખરીદવામાં આવેલ અભ્યાસ સામગ્રી તથા બાળકોના નાસ્તાના ખર્ચના બિલ પણ મંજુર કરાતા ના હોઈ બાલ મિત્ર દિવાળીના તહેવાર ટાણે જ મુશ્કેલીમાં મુકાયા છે.

ધોળાકુવા ગામે શ્રમજીવી પરિવારના બાળકોને ભણાવવાના એસટીપી વર્ગોના બાલમિત્ર પ્રફુલ્લાબેન ભાવસાર મહેનતથી ભણાવી રહ્યા છે. આ વર્ગો માટે યોગ્ય જગ્યા ના ફાળવાતા તેમજ અન્ય શાળામાં મોટા બાળકો હેરાન કરતા હોવાથી પ્રફુલ્લાબેન દ્વારા તાપ-ટાઢ-વરસાદ વગેરે જોયા વગર પણ ફુટપાથ પર બાળકોને ભણાવાઈ રહ્યા છે. તેઓ દ્વારા બાળકોને પેન્સિલ, રબર, નોટબુકસ, કલર, ચિત્રકામપોથી વગેરેનો ખર્ચ પણ કરવામાં આવ્યો છે. વળી બાળકોને દરરોજ નાસ્તા માટે બુંદી, ગાંઠિયા, ચવાણું, બિસ્કીટ તથા અન્ય ચીજવસ્તુઓની પણ નિયમિત ખરીદી કરી છે. આ તમામના ખર્ચના બિલો ઉપરાંત બાલમિત્ર પ્રફુલ્લાબેન ભાવસારના ત્રણ માસનો પગાર પણ ચુકવાયો નથી. માસિક પગાર રૂ. ૫૫૦૦ લખે કુલ રૂ.૧૬૫૦૦ તેમને લેવાના થાય છે જે ના ચુકવાતા દિવાળી તહેવારના ટાણે તેમની સ્થિતિ કફોડી બનવા પામી છે. આ નાણાં મેળવવા તેમણે વારંવાર તેમની શાળામાં રૂબરૂ જઈ આચાર્યા નીલાબેન લાલજીભાઈ પરમારને રજૂઆત કરી તથા બીઆરસી જિલ્લા કોઓર્ડીનેટરને પણ અસંખ્ય વાર રજૂઆત કરી છતાં કોઈ જ સંતોષકરક પ્રત્યુત્તર પ્રાપ્ત થયો નથી. આમ દિવાળીનો તહેવાર હોવા છતાં છેલ્લા ત્રણ ત્રણ માસથી બાલમિત્રને પગારના નાણા તથા તેમણે ખર્ચેલા બિલના નાણા ગ્રાન્ટ હોવા છતા ચુકવાતા નથી જેના કારણે બાલમિત્ર પ્રફુલ્લાબેન ભાવસારની પરિસ્થિતિ કફોડી બનવા પામી છે. શ્રમજીવી વર્ગના બાળકોને ખુલ્લામાં ફુટપાથ પર પણ ભણાવવાનો અનોખો શ્રમયજ્ઞ કરનાર બાળ મિત્રને તેમની મહેનતના બદલામાં આ વળતર મળી રહ્યું છે જેના કારણે બાળકોના વાલીઓમાં પણ રોષની લાગણી પ્રવર્તી રહી છે.

**શ્રમજીવી વર્ગના બાળકોને ફુટપાથ પર પણ ભણાવવાનો શ્રમયજ્ઞ કરનાર બાલમિત્રને ખર્ચેલા નાણા ગ્રાન્ટ હોવા છતાં ચુકવાતા નથી**

## સુંદરકાંડ પાઠ યોજાશે

**ગાંધીનગર, તા.૨૧ કળયુગનાં ચિરંજીવી દેવ હનુમાનજી મહારાજની સાધના-આરાધના-ઉપાસના એટલે 'સુંદરકાંડ પાઠ' યુવા કથાકાર ભારતીબાપુની વ્યાસ પીઠે આજે ૨૨-૧૦-૨૦૧૬ શનિવાર રાત્રે ૮.૩૦ કલાકે સ્થળ - બંગલા નં.૪, શિવાજી પાર્ક સોસાયટી, કુબેરેશ્વર મહાદેવ મંદિર સામે, નરોડા રોડ - અમદાવાદ, ખાતે જાહેર સુંદરકાંડ પાઠ યોજાશે, જેનો લાભ લેવા સૌ ભક્તોને હાર્દિક આમંત્રણ છે.**

# પુનાથી લવાયેલી મોડલ કોલગર્લે રૂપિયા માંગતા દલાલોએ ફટકારી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર નજીક વૈષ્ણોદેવી સર્કલ પાસે એક ફ્લેટમાં પુનાની મોડલ જેવી દેખાતી એક યુવતીને ત્રણ દલાલોએ રાખી હતી અને દશ દિવસથી તેની પાસે દેહવ્યાપારનો ધંધો કરાવતા હતા. દિવસનાં રુ.૧૨ હજારનાં હિસાબે લવાયેલી આ યુવતીએ ગઈ રાત્રે દલાલો પાસે ૧૦ દિવસ લેખે રુપિયા માંગતા દલાલો અકળાઈ ગયા હતા અને તેણીની સાથે ગાળાગાળી કરીને મારઝુડ શરુ કરી દીધી હતી. આખરે આ હાઈપ્રોફાઈલ યુવતીએ પોલીસ કંટ્રોલમાં કોલ કરતા મામલો પોલીસ મથકમાં પહોંચ્યો હતો. અડાલજ પોલીસે યુવતીની ફરિયાદને આધારે ત્રણ શખ્સો સામે ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

અમદાવાદ અને ગાંધીનગરનાં શોખીનો માટે વૈષ્ણોદેવી સર્કલ નજીક એક ફ્લેટ ગાલા હેવનમાં દેહવ્યાપારનાં વેપલા માટે મુંબઈ –પુના વિસ્તારોમાંથી મોડલ જેવા લુકની ૨૦ થી ૨૫ વર્ષની યુવતીઓ દલાલો લાવતા હતા. તાજેતરમાં પુનાથી ૨૪ વર્ષની યુવતીને લાવવામાં આવી હતી. ૧૧ ઓક્ટોબર થી લાવવામાં આવેલી આ યુવતી દિવસનાં ૧૨ હજાર મુજબ લાવવામાં આવી હતી.

ગઈ કાલે ૧૦ દિવસ થતા રાત્રે યુવતીએ તે ફ્લેટમાં જ દલાલ પાસે રુ.૧.૨૦ લાખ માંગ્યા હતા. રુપિયા માંગતા દલાલ ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળાગાળી કરીને મારઝુડ કરવા લાગ્યો હતો. યુવતીએ કંટ્રોલમાં કોલ કરતા પોલીસ દોડતી થઈ ગઈ હતી. મામલો પોલીસ મથકમાં પહોંચ્યા બાદ આજે યુવતીની ફરિયાદને આધારે અડાલજ પોલીસે ભરત માંગીલાલ મારવાડી, કરણ ઉર્ફે નવનીત અને ચિંતન એમ ત્રણ શખ્સો સામે ગુનો દાખલ કરીને ઉંડી તપાસ પી.આઈ કે.કે.પંડ્યાએ શરુ કરી છે.

યુવતીએ લખાવેલી ફરિયાદ મુજબ આ શખ્સોએ ઈવેન્ટનાં નામે તેણીને બોલાવી હતી અને ત્યાર બાદ ભેગા મળીને ગ્રાહકો બોલાવી તેણીની સાથે દેહવ્યાપારનો ધંધો કરાવતા હતા.

# અમદાવાદમાં રચાશે ઈતિહાસ, ૪૫ મુમુક્ષુ એકમંચ પર એક સાથે

જૈનોના તીર્થંકર શ્રી મહાવીરપ્રભુએ સંપૂર્ણ પાપ રહિત જીવન જીવવાનો ઉપદેશ આપ્યો છે અને એ માટેનો માર્ગ બતાવ્યો છે. પરમાત્માની વાણી શ્રી ગુરૂભગવંતોના મુખથી સાંભળી યોગ્ય અને લાયક જીવોને ભૌતિક જગતની ભૂતાવળથી દૂર થઈ આવુ ત્યાગમય જીવન જીવવાની ઈચ્છા જન્મ લેતી હોય છે. આવા ઘોર કળીયુગમાં આવુ પાપરહિત જીવન જીવવાની ઈચ્છા થવી એ એક મોટુ આશ્ચર્ય છે. દીક્ષાના જાદુગર કહેવાતા પ.પૂ. આ.ભ. વિજય યોગતિલકસૂરી મહારાજા જેમની આદ્યત્મિક દેશના કે જેના પુન્યપ્રભાવે ૨ વર્ષ અગાઉ ૪૫ દિક્ષા ૧ ડિસેમ્બર ૨૦૧૪ના દિવસે સુરત મુકામે એક જ મંડપમાં થઈ તેજ ઈતિહાસનું પુનરાવર્તન થવા જઈ રહ્યું છે. ૪ ડિસેમ્બર ૨૦૧૬ના પવિત્ર દિવસે એજ સુરત મુકામે ઈતિહાસનું પુનરાવર્તન થવા જઈ રહ્યું છે. પૂજ્યની નિશ્રામાં ૩૬ મુમુક્ષોની દીક્ષા નક્કી થઈ છે. આ મહાન પ્રસંગની જાણકારી થતાં અમદાવાદના ભક્તવર્ગને મનમાં ભાવ થયા કે દીક્ષા તો સુરતમાં થશે પરંતુ અમદાવાદ બોલાવી એમની ભક્તિ કરવાના ભાવ આ પરિવારોના હૃદયમાં આવ્યા. કઈ રીતે તેમના જીવનમાં આ સત્વ આવ્યું કે એ.સી., પંખા, કુલર તો દૂર પણ બુટ, ચપ્પલ, મોટર, ગાડી, બંગલા વિગેરે દરેક પ્રકારની સુખ-સગવડને ત્યાગીને અનુકૂળ ભોજન, હોટલના ખાણી-પીણી તો દૂર પણ ભિક્ષાવૃત્તિ દ્વારા જે મળે તેમાં જ સંતોષ કરવાની વૃત્તિ આવી ગઈ. અને આવું કઠોર જીવન હસતા મોઢે સ્વીકાર્યું. તો તેમની સંવેદનાને તેમના સ્વમુખે સાંભળવાનું અને તેમના બહુમાનના પ્રસંગનું આયોજન ૨૨ ઓક્ટોબર, ૨૦૧૬ને શનિવાર, રાત્રે ૮.૦૦ થી ૧૨૦૦ કલાકે રીવરફ્રન્ટ પર કરેલ છે અને ૪૫ મુમુક્ષુઓએ આ પ્રસંગમાં હાજરી આપવાની સહર્ષ અનુમતી આપી છે.

## કંપની સમાચાર

### પીએનબી હાઉસિંગ ફાઈનાન્સનો ઈશ્યૂ ૨૫મીએ ખૂલશે

પીએનબી હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ ('કંપની' અથવા 'ઈશ્યૂઅર')એ ૨૫ ઓક્ટોબર, ૨૦૧૬ને મંગળવારે રોકડના બદલામાં રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઈક્વિટી શેર ('ઈક્વિટી શેર')નો આઈપીઓ લાવવાની દરખાસ્ત રજૂ કરી છે, જેમાં ઈક્વિટી શેરદીઠ પ્રાઈઝ બેન્ડ રૂ. ૭૫૦થી રૂ. ૭૭૫ છે. આ રીતે ઈશ્યૂ ('ઈશ્યૂ')માંથી કંપની કુલ રૂ. ૩૦,૦૦૦ મિલિયનનું ભંડોળ ઊભું કરશે. ઈશ્યૂમાં લાયકાત ધરાવતા કર્મચારીઓ (૧૫ ઓક્ટોબર, ૨૦૧૬ની તારીખના રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સમાં વ્યાખ્યાયિત કર્યા મુજબ) માટે ૨૫૦,૦૦૦ ઈક્વિટી શેર અનામત રાખવામાં આવશે, જે ઈશ્યૂ પછી પેઈડ અપ ઈક્વિટી શેર કેપિટલ ('એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન')ના ૫ ટકા હિસ્સાથી વધશે નહીં. અહીં કર્મચારી અનામત હિસ્સા સિવાયને ઈશ્યૂને 'ચોખ્ખા ઈશ્યૂ' તરીકે જણાવવામાં આવ્યો છે.

સેબી આઈસીડીઆર નિયમનોને અનુરૂપ ગ્લોબલ કો-ઓર્ડિનેટર્સ એન્ડ બુક રનિંગ લીડ મેનેજર્સ ('જીસીબીઆરએલએમ') સાથે ચર્ચા કરીને કંપની એન્કર રોકાણકારોની ભાગીદારીનો વિચાર કરી શકે છે. એન્કર રોકાણકારના બિડિંગની તારીખ બિડ/ઈશ્યૂ ખુલવાની તારીખના એક કાર્યકારી દિવસ અગાઉ રહેશે. ઈશ્યૂ ૨૭ ઓક્ટોબર, ૨૦૧૬ને ગુરુવારે બંધ થશે. બિડનો લઘુતમ લોટ ૧૯ ઈક્વિટી શેરનો છે અને પછી ૧૯ ઈક્વિટી શેરના ગુણાંકમાં રહેશે. કર્મચારીઓને કર્મચારી માટે અનામત હિસ્સામાં લાયકાત ધરાવતા કર્મચારીઓની બિડિંગમાં ઈશ્યૂની પ્રાઈઝ પર ઈક્વિટી શેરદીઠ રૂ. ૭૫નું ડિસ્કાઉન્ટ મળી શકે છે.

### વરૂણ બેવરિજિઝ લિમિટેડ - પબ્લિક ઑફર ૨૬ ઓકટોબરે ખુલશે અને ૨૮ ઓકટોબરે બંધ થશે

વરુણ બેવરેજીસ લિમિટેડ (કંપની) એ દરેક શેરની રૂ.૧૦ ફેસ વેલ્યુ ધરાવતા ૨૫,૦૦૦,૦૦૦ ઈક્વિટી શેર (ઈક્વિટી શેર્સ) ની પબ્લિક ઑફર (ઑફર્સ) લાવવાની દરખાસ્ત રજૂ કરી છે. જેમાં દરેક ઈક્વિટી શેર (ફ્રેશ ઈશ્યૂ) તથા વરુણ જયપુરિયા (પ્રમોટર) દ્વારા ૫,૦૦૦,૦૦૦ ઈકવિટી શેર અને રવિ કાંત જયપુરિયા એન્ડ સન્સ (એચયુએફ) (પ્રમોટર) અને વરુણ જયપુરિયા એન્ડ કવિ કાંત જયપુરિયા એન્ડ સન્સ (એચયુએફ - સંયુક્ત પણએ 'વિક્રેતા શેરધારકો') દ્વારા, ૫,૦૦૦,૦૦૦ ઈક્વિટી શેરના વેચાણની ઑફર (ઑફર ફોર સેલ) સામેલ છે. સિક્યોરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઈન્ડિયાના (ઈશ્યૂ ઑફ કેપિટલ એન્ડ સિસ્કલોઝર રિક્વાયમેન્ટ્સ)રેગ્યુલેશન્સ, ૨૦૦૯ની સુધારા સાથેની જોગવાઈઓ (આઈસીડીઆર રેગ્યુલેશન્સ)ની સાથે સુસંગત એવી રીતે આ ઑફર લાવવામાં આવી રહી છે. આ ઑફર બુધવાર, ઑકટોબર, ૨૬, ૨૦૧૬ના રોજ ખુલશે અને શુક્રવાર ૨૮, ૨૦૧૬ના રોજ બંધ થશે. મિનિમમ બિડ લોટ ૩૩ ઈક્વિટી શોરનો છે.

## ટેક્સ ફ્રી રહેશે

● **અનુસંધાન પહેલાનાં ચાલુ**

લઈ શકાશે નહીં. જેના લીધે અનેક સેક્ટર જીએસટીમાં સામેલ થવા ઈચ્છે છે પરંતુ ઝીરો રેટેડ માટેની છાપ પણ ઈચ્છે છે. જેથી તેઓ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ક્લેઈમ મેળવી શકે. અધિકારીઓનું કહેવું છે કે, કેટલીક વસ્તુઓને ટેક્સની મર્યાદાથી દૂર રાખવા પાછળનો હેતુ એ છે કે, સામાન્ય વ્યક્તિને ટેક્સને લઈને મોટો ફટકો પડવો જોઈએ નહીં. નાણામંત્રી અરુણ જેટલીના નેતૃત્વમાં જીએસટી કાઉન્સિલ જ્યારે રેટ અંગે નિર્ણય લેશે ત્યારે રાજ્યો અને કેન્દ્રના અધિકારીઓને રાહતવાળી વસ્તુઓની યાદી બનાવી પડશે. સાથે સાથે આ બાબત નક્કી કરવામાં આવશે કે, કઈ વસ્તુને કયા ટેક્સ બ્રેકેટમાં રાખવામાં આવશે. કેન્દ્ર સરકારે ચાર સ્લેબવાળા ટેક્સ માળખામાં પાંચ વિકલ્પોની દરખાસ્ત તૈયાર કરી છે જેમાં કિંમતી ચીજવસ્તુઓ માટે ચાર ટકાના અલગ રેટ પણ રહેશે.

## આજે પ્રધાનમંત્રી

● **અનુસંધાન પહેલાનાં ચાલુ**

કેમ્પમાં ૯.૨૬ કરોડના સહાયક ઉપકરણો અને અન્ય સુવિધાઓ આપવામાં આવશે. આધુનિક ઉપકરણોનો ઉદ્દેશ્ય જરૂરિયાતમંદ દિવ્યાંગો વચ્ચે શિક્ષણ, તાલીમ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી અંગે જાગૃતિ લાવવાનો છે. આ કેમ્પ સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયના વિકલાંગ વ્યક્તિઓના સશક્તિકરણ વિભાગની એડીઆઈપી યોજના હેઠળ યોજાશે. જે ૧૯૮૧થી અમલમાં છે, જેને પહેલી એપ્રિલ ૨૦૧૪થી સુધારવામાં અને સ્વીકારવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય નેશનલ ઈન્સ્ટિટ્યુટ, આર્ટિફિશિયલ લિમ્બ્સ મેન્યુફેક્ચરિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એએલઆઈએમસીઓ), જિલ્લા વિકલાંગ પુનવર્સન કેન્દ્રો, રાજ્ય વિકલાંગ વિકાસ નિગમો, અન્ય સ્થાનિક સંસ્થાઓ અને બિનસરકારી સંસ્થાઓ જેવી વિવિધ એજન્સીઓ દ્વારા ઉત્પાદિત આધુનિક સહાયક ઉપકરણો પ્રદાન કરવાનો છે. દિવ્યાંગોને આ સહાય તેમના શારીરિક, સામાજિક અને માનસિક પુનવર્સનમાં ઉપયોગી પુરવાર થાય છે. આ કેમ્પમાં નેશનલ ટ્રસ્ટના ૩૦૦ લાભાર્થીઓને નિર્મયા હેલ્થ વિમા યોજના સાથે સન્માનિત કરવામાં આવશે, જેમાં સ્વકેન્દ્રિતા (ઓટિઝિમ), સેરેબ્રલ પાલ્સી, માનસિકત મંદતા અનએ વિવિધ વિકલાંગતાઓના કલ્યાણ માટે રૂપિયા ૧.૦ લાખનો વીમો પ્રદાન કરવામાં આવશે.

## મૌન પાળતા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ખરીદવામાં આવે છે. આ માટે ખરીદી માટેની કાર્યવાહી બાબતે તેમની પાસે પુરતી વિગતો ન હોવાનું જણાવ્યું હતું.

અરવિંદસિંહ સોલંકીએ ભાજપના એક વગદાર મહિલા કાઉન્સીલરની હિમાયતથી આ કરિયાણાની ખરીદી થતી હોવાનો આક્ષેપ પણ કર્યો હતો.

જો કે અરવિંદસિંહ સોલંકી તેમની તપાસ સમિતિ રચવાની માંગ પર અડગ રહેતાં પ્રમુખ શ્રી રામાજી ઠાકોરે ત્રણ સભ્યોની તપાસ સમિતિની રચનાની જાહેરાત કરી હતી. આ સમિતિ શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલ, નરેશજી ઠાકોર તથા નાયબ જિલ્લા વિકાસ અધિકારી અજય પટેલની બનેલી રહેશે જે આગામી સામાન્ય સભામાં પોતાનો અહેવાલ રજુ કરશે.

આજની આ બેઠકમાં શહેરી સત્તા મંડળોને રસ્તાઓની સોંપણી કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

ભાજપના સભ્યોના મૌન વચ્ચે પંચાયત પ્રમુખશ્રીએ પાંચ ઠરાવો અધ્યક્ષસ્થાનેથી રજુ કર્યા હતા જેને પણ બહાલ રાખવામાં આવ્યા હતા.

રેતી કાંકરીની ગ્રાન્ટમાંથી વિકાસના કામો મંજૂર કરવાની સત્તા પંચાયત પ્રમુખને સોંપવા ઉપરાંત સોલાર અને પેવર બ્લોકના કામો માટે સમગ્ર જિલ્લા માટે એક જ એજન્સી નિયત કરવાની બાબત, પશુપાલન શાખા માટે પ્રદર્શન એકત્ર તૈયાર કરવા માટે સ્વભંડોળમાંથી રૂ. બે લાખનો ખર્ચ કરવાની મંજુરી, સભ્યના પ્રેરણા પ્રવાસને મંજૂરી તેમજ સરકારમાંથી મંજૂર થઈ આવેલા ટેન્ડરોને બહાલી આપવાના રજુ થયેલા આ ઠરાવોને પણ બહાલી આપવામાં આવી હતી.

## બેક પેઈનનો શિકાર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પણ વધારો થઈ રહયો છે. છેલ્લા એક દાયકામાં બેક પેઈનની ફરિયાદ કરતા દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહયો છે. સામાન્ય રીતે ૮૦ ટકા નાગરિકો જીવનમાં બેક પેઈનનો શિકાર બને છે. જયારે મહીલાઓની સંખ્યા વિશેષ જણાંય છે. કામકાજ કરવાની પધ્ધતિ યોગ્ય ન હોય તેવા સંજોગોમાં શરીર બેડોળ બની જાય છે. જેના લીધે બેક પેઈનની તકલીફ વધે છે. આ માટે નાગરિકોએ જાગૃત બનવાની પણ અનિવાર્યતા છે. હવે બાળકોમાં પણ બેક પેઈનની ફરિયાદો સાંભળવા મળે છે. અંદાજિત ૭ ટકા બાળકો બેકપેઈનની તકલીફથી પીડાય છે. બાળકોમાં અગાઉ આવી તકલીફ જોવા મળતી ન હતી. જેના પાછળ કસરતનો અભાવ રમતના મેદાનમાં જવાની આળશના લીધે વધુ વજનના લીધે અને વધુ વજન ઉંચકવાના કારણે પણ આ તકલીફ જોવા મળે છે. જયારે તણાવ અને ભાગદોડમાં વ્યસ્ત આજની યુવાપેઢી પણ આ દુખાવાનો ભોગ બની રહી છે. આઈ ટી ક્ષેત્રમાં સતત કામ કરતા યુવાનો પણ બેક પેઈનનો શિકાર વધુ બનતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ત્યારે બેક પેઈનની અસરથી બચવા માટે કસરતને ભગવાન માની અપનાવી લેવાની જરૂર છે.હકારાત્મક અભિગમ સાથે યોગ્ય રીતે કસરત થાય તે મુજબ વર્ક આઉટ કરવુ જોઈએ. જયારે બેક પેઈનના કિસ્સામાં જાતે પેઈન કીલર લેવાનુ બંધ કરી ડોકટર પાસે નિદાન કરવવુ અનિવાર્ય છે.

## નંબર પ્લેટ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ઓકટોબરના રોજ વાહનોમાં એચ એસ આર પી નંબર પ્લેટ ફીટ કરી આપવા માટે કેમ્પ યોજાશે. જેમાં આ બે દિવસ દરમિયાન જી જે ૧૮ સી સી, સીડી, સી એફ,સીઈ , સીજી, સીએચ, સીજે, સીકે સીએમ, સીએન, બીબી, બીસી, બીડી, બીએ,એવી,એએક્સ,એઝેડ, અને એ વાય સીરીઝના વાહનોમાં એચ એસ આર પી નંબર પ્લેટ ફીટ કરી આપવામાં આવશે. સુત્રોના જણાંવ્યા મુજબ એચ એસ આર પી નંબર પ્લેટ વિનાના વાહનો દંડને પાત્ર બનશે. જેથી આ કેમ્પનો લાભ લઈ બાકી રહી જતા વાહનચાલકોએ હાઈસિક્યુરીટી નંબર પ્લેટ ફીટ કરાવી દેવી.

## ઇન્સ્પેક્ટરને લૂંટી લેવાયા...

● **ત્રીજા પાનાનું ચાલુ**

છો કહીને ઝપાઝપી કરીને વોલેટ આંચકીને લુંટ ચલાવી રફ્ફુચક્કર થઈ ગયા હતા. આ મામલે ઈન્સ્પેક્ટરની ફરિયાદને આધારે અડાલજ પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે. અમદાવાદમાં ગોતા ખાતે શુકન સ્ટેટસ રહેતા અને નાર્કોટીક્સ કંટ્રોલ બ્યુરોમાં ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા સત્યેન્દ્રકુમાર બૈજનાથ સિંઘ બુધવારે મોડી સાંજે અંધારામાં તેમની મંગેતર સાથે અડાલજ નર્મદા કેનાલ બ્રિજથી થોડે અંદરની બાજુ વેસ્પા સ્કુટરમાં બેઠા હતા. પ્રેમાલાપ કરી રહ્યા હતા તે દરમ્યાન તેમની પાસે બે અજાણ્યા શખ્સો આવ્યા અને કહ્યુ કે 'અહિ કેમ ઉભા છો..' ધમકાવીને નાર્કોટીક્સ કંટ્રોલ બ્યુરોનાં 